**Paper Code - 3502**

**B.A. Semester-III (Gujarati)**
**July-September-2021**
**CC 303 ગુજરાતી સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ (મધ્યકાલીન)**
**(નિયત સ્વરૂપ : પદ,નિયત કૃતિ : 'મીરાંનાં પદો')**

**કુલ સમય :– ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

1. મીરાંબાઈ કયા યુગના કવયિત્રી હતા ?
   (A) પ્રાચીન યુગ (B) મધ્યકાલીન યુગ (C) અર્વાચીન યુગ (D) આધુનિક યુગ
2. પદકવિતાનો પ્રથમ પ્રતિભાશાળી કવિ કોણ છે ?
   (A) નરસિંહ(B) મીરાં (C) પ્રેમાનંદ (D) ભાલણ
3. મુખ્યત્વે નરસિંહની કઈ કૃતિઓ પદ સ્વરૂપની છે ?
   (A) પરલક્ષી (B) આત્મકથાત્મક (C) આખ્યાનાત્મક (D) ચરિત્રાત્મક
4. નરસિંહે રચેલા ઝૂલણા છંદનાવૈભવવાળા પદો કયા નામે ઓળખાય છે ?
   (A) આખ્યાન (B) પદ્યવાર્તા (C) પ્રભાતિયાં (D) ભજન
5. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નરસિંહ પછીનો અગત્યનોપદકવિ કોણ છે ?
   (A) મીરાંબાઈ (B) ભાલણ (C) વિશ્વનાથ જાની (D) અખો
6. કૃષ્ણની બાળલીલાના પદો ભાલણની કઈ કૃતિમાં જોવા મળે છે ?
   (A) દશમસ્કંધ (B) કાદંબરી (C) રામબાલચરિત (D) કૃષ્ણલીલા
7. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'બંસી બોલનો કવિ' ઉપનામ કોને મળ્યું છે ?
   (A) નરસિંહ (B) મીરાં (C) પ્રેમાનંદ (D) દયારામ
8. દયારામની પદરચનાઓ કયા નામે જાણીતી થઇ છે ?
   (A) પ્રભાતિયાં (B) ગરબો (C) છપ્પા (D) ગરબી
9. 'હું શું જાણું વ્હાલેમુજમાં શું દીઠું ?, વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું'- પંક્તિના કવિ કોણ છે ?
   (A) નરસિંહ (B) મીરાં (C) દયારામ (D) ભાલણ
10. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સવિશેષ ખેડાયેલુંસાહિત્યસ્વરૂપ કયું છે ?
    (A) આખ્યાન (B) પદ (C) છપ્પા (D) પદ્યવાર્તા
11. પદ એ કોના કરતાં મોટો અને કોના કરતાં નાનો કાવ્ય પ્રકાર છે ?
    (A) ગરબી - મુક્તક (B) આખ્યાન – મુક્તક (C) આખ્યાન - ગરબી (D) મુક્તક - આખ્યાન
12. મીરાંબાઈનીપદરચનાઓ મુખ્યત્વે સ્વરૂપની છે.
    (A) કથનાત્મક (B) આત્મચરિત્રાત્મક (C) ગદ્યાત્મક (D) દીર્ઘ સ્વરૂપ
13. મીરાંબાઈના પદો રાજસ્થાની, ગુજરાતી તેમજભાષામાં પણ મળે છે.
    (A) મરાઠી (B) પંજાબી (C) બંગાળી (D) વ્રજ
14. પદનું ઉત્પત્તિ સ્થાન કયું છે ?
    (A) ઊર્મિ (B) બુદ્ધિ (C) વિચાર (D) અનુભવ
15. નીચેનામાંથીપદનો પ્રકાર કયો છે ?
    (A) ગઝલ (B) ઊર્મિકાવ્ય (C) લોકગીત (D) સૉનેટ
16. 'પદ' શબ્દ મૂળભૂત રીતે કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?
    (A) સંસ્કૃત (B) ગુજરાતી (C) હિન્દી (D) વ્રજ
17. મીરાંબાઈનો જન્મ કઈ સાલમાં થયો હતો ?
    (A) ઈ.સ.1403 (B) ઈ.સ.1407 (C) ઈ.સ.1405 (D) ઈ.સ.1422
18. પદનું સૌથી અગત્યનું અંગ કયું ?
    (A) આરંભ (B) ધ્રુવપદ કે ટેકની પંક્તિ (C) ફલશ્રુતિ (D) દીર્ઘપણું
19. મીરાંબાઈનાપદોની મૂળ ભાષા કઈ છે ?
    (A) સંસ્કૃત (B) અપભ્રંશ (C) પ્રાચીન ગુજરાતી (D) રાજસ્થાની
20. મીરાંબાઈનાપદોમાંશાનો રણકો સંભળાય છે ?
    (A) પ્રેમલક્ષણા ભક્તિ (B) જ્ઞાનમાર્ગી કવિતા (C) તત્વજ્ઞાન (D) લોકોપદેશ
21. મીરાંબાઈનો મૂળ કવન વિષય કયો છે ?
    (A) રામભક્તિ (B) ઈશ્વરભક્તિ (C) કૃષ્ણભક્તિ (D) લોકસેવા
22. મીરાંનો જન્મ મેડતાપરગણાના કયા ગામે થયો હતો ?
    (A) કુડકી (B) કુકરાણા (C) કેશવધામ (D) વ્રજભૂમિ
23. મીરાંનાં પિતાનું નામ શું હતું ?
    (A) રાજા ભોજ (B) રત્નસિંહ (C) રાણા કુંભ (D) રાવ દુદાજી
24. મીરાંનાંગુરુનું નામ જણાવો ?
    (A) નરસિંહદાસ (B) રખીદાસ (C) રૈદાસ (D) જીવણદાસ

25. મીરાંબાઈ કયા શતકમાં થઈ ગયાં ?

(A) પંદરમા (B) સોળમા (C) સત્તરમા (D) અઢારમા

26. મીરાંબાઈનાં પતિનું નામ શું હતું ?

(A) રાજા ભોજ (B) વિક્રમાદિત્ય (C) રાણા સંગ (D) સિદ્ધરાજ

27. તમારા અભ્યાસક્રમમાં નિયત થયેલ કૃતિ 'મીરાંનાંપદો'ના સંપાદક કોણ છે ?

(A) રમણલાલ સોની (B) કે. કા. શાસ્ત્રી (C) નિરંજન ભગત (D) દર્શનાનંદજી

28. મીરાંબાઈનીસાધુસંગત અને કૃષ્ણભક્તિ કોને પસંદ નહોતી ?

(A) પતિ ભોજ (B) રાણાવિક્રમાદિત્ય (C) પિતા રત્નસિંહ (D) દિયર સંગ્રામસિંહ

29. મીરાંનું શૈશવ અને જુવાની ક્યાં વીત્યા હતાં ?

(A) મેડતા (B) માળવા (C) વૃંદાવન (D) દ્વારકા

30. મીરાંબાઈ એમની જિંદગીના છેલ્લાં વર્ષોમાં ક્યાં રોકાયા હતા ?

(A) મેડતા (B) માળવા (C) દ્વારિકા (D) વૃંદાવન

31. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે'- પદના કવિ કોણ છે ?

(A) નરસિંહ (B) મીરાં (C) ભાલણ (D)દયારામ

32. મીરાંબાઈ કેટલાં વર્ષની ઉમરે વિધવા બન્યા હતાં ?

(A) ૨૧ વર્ષ (B) ૨૨ વર્ષ (C) ૨૩ વર્ષ (D) ૨૪ વર્ષ

33. નીચેનામાંથી નરસિંહની આત્મકથાનાત્મક કૃતિ કઈ છે ?

(A) શામળદાસનો વિવાહ (B) દાણલીલા (C) હિંડોળાના પદો (D) સુદામાચરિત્ર

34. 'હરિનો મારગ છે શૂરાનો,નહિ કાયરનું કામ જોને' -પંક્તિ કયા કવિની છે ?

(A) ભાલણ (B) પ્રીતમ (C) મીરાં (D) નરસિંહ મહેતા

35. "સુખ-દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં"- પંક્તિના કવિ કોણ છે ?

(A) નરસિંહ (B) ભાલણ (C) પ્રીતમ (D) દયારામ

36. "મુખડાની માયા લાગી રે"- મીરાંબાઈના આ પદમાં કયો ભાવ વ્યક્ત થાય છે ?

(A) પતિ વિરહનુંદુ:ખ (B) પતિ મિલનની ઝંખના (C) પ્રભુ મિલનનો તલસાટ (D) દયારામ

37. "જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું"- મીરાંબાઈના આ પદમાં દેવળ શાનું પ્રતીક છે ?

(A) દેહની ક્ષણભંગુરતા (B) આત્માની અજરામરતા (C) દેહની ચિરંજીવિતા (D) આત્માની ક્ષણભંગુરતા

38. 'મુખડાની માયા લાગી રે' પદ કયા પ્રકારનું ગણવાયું છે ?

(A) વિરહવ્યથા (B) પતિભક્તિ (C) પ્રેમલક્ષણા ભક્તિ (D) માયાત્યાગ

39. ગોપી કૃષ્ણની ચાકર થયા પછી ખરચીમાં શું માંગે છે ?

(A) રાજપાટ (B) દર્શન (C) સ્મરણ (D) માલ -ખજાના

40. માધવનેમટુકીમાં મૂકી મહી વેચવા કોણ જાય છે ?

(A) જશોદા (B) રાધા (C) વ્રજની નારી (D) દેવકી

41. 'હારે કોઈ માધવ લ્યો ...' કયા પ્રકારનું પદ છે ?

(A) વ્રજભાવ (B) નિશ્ચય (C) સત્સંગ - ઉપદેશ (D) પ્રેમાલાપ

42. નીચેના પદોમાંપ્રેમાલાપનું પદ કયું છે ?

(A) મુખડાની માયા લાગી રે .. (B) ગોવિંદો પ્રાણ અમારો રે (C) જૂનું તો થયું રે દેવળ . (D) બાઈ અમે પકડી આંબલીયાની ડાળ

43. મીરાંને કયું રમકડું પ્રાપ્ત થયું છે ?

(A) ગુરૂરૂપી (B) માયારૂપી (C) સંસારરૂપી (D) રામનામરૂપી

44. મીરાંનું વાંસળી વિષયક પદ કયું છે ?

(A) ઓ રાણા ! જીવનો સંગાથી .. (B) ચાકર રાખો જી,શ્યામ ! .. (C) રૂડી ને રંગીલી રે .. (D) બાઈ,અમે પકડી ..

45. 'મીરાંનાં પદો' કૃતિમાં અભ્યાસક્રમનીદ્રષ્ટિએ પ્રથમ પદ કયું છે ?

(A) ઓ રાણા ! જીવનો સંગાથી.. (B) મુખડાની માયા લાગી રે ... (C) ગોવિંદો પ્રાણ અમારો રે .. (D) ચાકર રાખો જી, શ્યામ !

46. 'ચાકર રાખો જી, શ્યામ !' -પદમાંમીરાં કયા રૂપમાં શ્રી કૃષ્ણ સાથે આખી જિંદગી રહેવા ઈચ્છે છે ?

(A) પ્રેમિકારૂપે (B) દાસીરૂપે (C) ભક્તરૂપે (D) પત્નીરૂપે

47. "જૂનું તો થયું રે દેવળ" -પદમાંમીરાંએ જીવનની કઈ અવસ્થાનેવર્ણવીછે ?

(A) વૃધ્ધાવસ્થા (B) બાલ્યાવસ્થા (C) યુવાવસ્થા (D) ગૃહાવસ્થા

48. "ગોવિંદો પ્રાણ અમારો રે" -પદમાંમીરાંએ સાસુ માટે કયું પ્રતીક ઉચ્ચાર્યું છે ?

(A) સુષુમણા (B) પ્રેમ – સંતોષ (C) જગજીવન (D) માતા

49. મીરાંનેશેનીકટારી વાગી છે ?

(A) ગોપીભાવની (B) સાધુ સંગતની(C) જગતની માયાની (D) શ્રીકૃષ્ણનાપ્રેમની

50. "મુજ અબળાને મોટી મિરાંત" -પદમાંમીરાનું સાચું ઘરેણું કયું છે ?

(A) વાંસળી (B) મોરપીંછ (C) શામળો (D) મટુકી